R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

MAY - 2015

Vol No. 59 Issue No. 2

Total - 44 Pages

## ગવર્મેન્ટની ત્રણ યોજના
## ફાયદા - કુટુંબ તથા સમાજ બંનેને

### યોજના : (૧) પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના
### (૨) પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (૩) અટલ પેન્શન યોજના

આ ત્રણે યોજના સર્વને સર્વ રીતે લાભદાયી છે. સાવ મામૂલી રકમ ચૂકવી ઘરની દરેક વ્યક્તિઓ માટે આ યોજના લેવી જોઈએ. નોકર-ચાકર સહિત કુટુંબની દરેક વ્યક્તિને આમાં સામેલ કરવી જોઈએ.

આપણાં સમાજમાં વિવિધ સંસ્થાઓ સેવાના અનેક કાર્યો કરે છે. ઉદારદિલ દાતાઓ તેમાં પોતાનો ઉમદા ફાળો પણ અર્પણ કરે છે. જેમ મોંઘવારી વધે છે, પોપ્યુલેશન (વસ્તી) વધે છે. તેમ આવા દાની રકમ તથા સ્ત્રોત વધવા ખૂબ જરૂરી છે. દેશ દુનિયા સાથે કદમ મિલાવવા ભવિષ્યમાં ઘણી જાયન્ટ યોજનાઓ આપણા સમાજે ઘડવી પડશે.

જાણીજોઈને સમાજના દરેક વર્ગના લોકોએ આ ત્રણે યોજના લેવી જોઈએ. આપણી આસપાસના જ્ઞાતિજનોને ૩૧ મી પહેલા આયોજના લેવા માટે આગ્રહ કરવો જોઈએ. જે બેકમાં સેવિંગ એકાઉન્ટ હોય ત્યાં આ યોજના ચાલુ કરી બધા લાભ સમજી લેવા જોઈએ.

શા માટે ? પહેલી બંને વીમા યોજનાનું વળતર રૂા બે લાખ છે. ઘણા ખમતીધરો આ રકમમાં આગ્રહ નથી રાખતા. ઘણા સ્વેચ્છાએ આટલી રકમ દાનમાં આપવા તૈયાર હોય છે. દાત : ભવિષ્યમાં જો એક વર્ષમાં ફક્ત દસ જણે પોતાના આ વીમાના રકમ સમાજની સંસ્થાઓને અર્પણ કરવાનું કુટુંબીજનોને કહ્યું હોય તો કેટલા રૂપિયા મળે ? તમારા આ દાનની રકમ સમાજના કલ્યાણ માટે ઉમદા કાર્યો માં જ વપરાશે. આ હેતુ તરફ દ્રષ્ટિ રાખી વીમો લેવાનો સંકલ્પ કરી દાન માટે નો માર્ગ અપનાવાનો છે. આ લખાય છે ત્યાં સુધી પેન્શન યોજનના ફોર્મ આવ્યા ન હતાં. આ અટલ પેન્શન યોજનામાં આવેલા યોગદાનના આધાર પર લઘુતમ રૂા ૧,૦૦૦/- થી લઈને રૂા. ૫,૦૦૦/- નું માસિક પેન્શન ચુકવાશે. ઉંમરના આ મુકામ પર પેન્શન લેનાર વ્યક્તિ જો ખમતીધર હોય, સર્વ પ્રકારે સુખી હોય અને આ પેન્શન વધારાની ઈન્કમ જ રહેતી હોય તો સ્વેચ્છાએ આ રકમ દર મહિને સમાજની સંસ્થા તરફ વાળી શકે છે. દા.ત. : ભવિષ્યમાં આવી અલગ અલગ ૧૦૦ વ્યક્તિ રૂા. ૫૦૦૦૦/- સમાજની સંસ્થાઓ તરફ વાળે તો દર મહિને કેટલા રૂપિયા સંસ્થાને મળે ? અને વર્ષે કેટલા મળે ? કુટુંબ અથવા સમાજના અદકેરા લાભ માટે આ મહિનામાં આ ત્રણે યોજનાઓ સમાજના હોદ્દેદારો, અગ્રણીઓ, મુરબ્બીઓ સર્વએ અપનાવવી રહી. આપની અનન્ય સેવા પ્રદાન કરો. – તંત્રી મંડળ તરફથી

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા આયોજીત
# 'ચાલો બાલાસિનોર વર્ષ ૨૦૧૫-૧૬'
# તારીખ ૮-૧૧-૧૫ થી ૧૩-૧૧-૧૫

સર્હષ જણાવતા આનંદ થાય છે કે બાલાસિનોર નવયુવક સંઘના નેજા હેઠળ 'ચાલો બાલાસિનોર'નું આયોજન દિવાળી દરમ્યાન હાથ ધરાયું છે જેની વિગતો નીચે મુજબ છે.

**તારીખ સાથેની પૂરક માહિતી :-**

૧) તા. ૮-૧૧-૧૫ રવિવાર રાતના (વડોદરા એક્સપ્રેસ દ્વારા રવાના)

૨) તા. ૯-૧૧-૧૫ સોમવાર સવારે વડોદરાથી બાલાસિનોર. તળાવદરવાજા સુધી બસ દ્વારા પ્રવાસ (સાથે ચહા, કોફીની વ્યવસ્થા)

૩) તા. ૯-૧૧-૧૫ થી ૧૩-૧૧-૧૫ બાલાસિનોર ખાતે સવારનો ચહા, નાસ્તો, બપોરનું ભોજન તથા રાત્રીના ભોજનનું આયોજન દશાનીમા વણીક વાડીમાં રાખવામાં આવેલ છે.

૪) તા. ૯-૧૧-૧૫ થી ૧૩-૧૧-૧૫ દરમ્યાન વિવિધ પ્રોગ્રામનું આયોજન કરેલ છે. જેની તારીખ વાર વિગત આગામી અંકમાં આપવામાં આવશે.

૫) તા. ૧૩-૧૧-૨૦૧૫ના રોજ સાંજે ૫ કલાકે તળાવ દરવાજેથી બસ દ્વારા વડોદરા જવા રવાના. જમવાના પેકેટ બસમાં આપવામાં આવશે. રાત્રે ૧૦.૨૫ કલાકે વડોદરા એક્સપ્રેસ દ્વારા મુંબઈ રવાના.

**સંયોજક :**
**શ્રી જીગર મણીકાંત કડકીઆ**
૯૮૨૦૩૩૧૫૩૫

**મંત્રી :**
**શ્રી ભાવેશ બીપીન મોદી**
૮૮૭૯૪૨૨૩૦૪

**સહ સંયોજક :**
**શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**
૯૮૩૩૮૬૭૬૦૧

**(વધુ વિગત પાના નંબર ૨૧ )**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૯ | ૦૨ | ૨૧-૦૫-૨૦૧૫ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ

જીગર કડકીઆ / પ્રશાંત પરીખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

✤✤✤

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઈઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

✤✤✤

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

✤✤✤

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## તંત્રી મંડળ તરફથી

# ગ્રુપ ગેઈમ્સ
## ફાયદા જ ફાયદા

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

શિક્ષણ દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. વિદ્યા અને કેળવણી ને પ્રતાપે સંસ્કારનું ઘડતર થાય છે, તેજ રીતે જીવનમાં રમતગમત બહુ મોટો ભાગ ભજવે છે. રમતો દ્વારા બાળકનો શારીરિક, માનસિક, બૌદ્ધિક વિકાસ થાય છે. બળમાં વધારો થઈ સુસજ્જતા પ્રાપ્ત થાય છે.

રમતોની બે પ્રકારમાં વહેંચણી થાય છે. ઘરમાં રમાતી (ઈન્ડોર), મેદાનમાં રમાતી (આઉટ ડોર) ગેઈમ્સ. મેદાનમાં રમાતી રમતો દ્વારા શરીરમાંથી નકામા કચરા, ઝેરી તત્વો (ટોકિસન્સ) પરસેવો વગેરે દ્વારા બહાર ફેંકાઈ જાય છે. શરીર નિરોગી, તંદુરસ્ત, સ્વસ્થ બની વધારે કાર્યક્ષમ અને મજબૂત બને છે. મનમાંથી નકામા વિચારો, વિકારો દૂર થઈ માનસિક શક્તિઓ ખીલે છે.

બાળક સાવ નાનું હોય ત્યાર થી પોતાની મેળે હાથ-પગ હલાવે છે. આગળ-પાછળ થવાની કોશિષ કરે છે, ઊંધુ થાય છે, ઘુંટણીયા ભરે છે. ચાલતું થયા પછી વધારે દોડાદોડમાં રચ્યુ પચ્યુ રહે છે. આ દરેક ક્રિયા બાળકના શરીરને ફાયદો આપે છે. ફેફસા ખૂલે છે, પાચનશક્તિ વધે છે. શરીરની સર્વ રીતે વૃદ્ધિ થાય છે. બાળકમાં જોવા, જાણવા, સમજવાની કુતુહૂલ વૃત્તિ ને લીધે મગજની શક્તિમાં વધારો થાય છે. ઘરમાં ગોંધી રાખેલા બાળક કરતાં રોજરોજ જે બાળકને માતા-પિતા, દાદા-દાદી દ્વારા બગીચામાં પોતાની ઉંમરના

બાળકો સાથે રમવા લઈ જાય છે તેનો કુદરતી વિકાસ જલદી થાય છે. બાળક બોલતા પણ શીખી જાય છે. સર્વાંગીણ વિકાસ થાય છે.

ગ્રુપમાં અનેક પ્રકારની રમતો આપણે રમતા હોઈએ છીએ પકડાપકડી, સંતાકૂકડી, થપ્પો, આઈસપાઈસ, નદી-તળાવમાં ટામેટું, નારગોળિયો, ખોખો, લંગડી, ગાંધીજી-ગાંધીજી, અંતાક્ષરી, ડંબશૅરાડ્ (Dumb Charade) વગેરે.

રમત 'નારગોળિયો'ની વાત કરીએ તો આમાં બે ટીમ વચ્ચે આ રમત રમાય છે. એક ટીમમાં ૧૦ ની આસપાસની સંખ્યા (રમનારા) હોય છે. આમાં સાત પથ્થરની ઢગલી બોલ ફેંકી ફોડવાની હોય છે. નક્કી કરેલા અંતરે બંને ટીમના ખેલૈયા સામસામે ઉભા હોય છે. બરાબર વચ્ચે સાત પત્થરની રાખેલી ઢગલી ને જે ટીમનો સભ્ય બોલ મારી ને ફોડે છે. તે સમગ્ર ટીમ દાવ લે છે. દાવ લેનાર ટીમે ઝડપથી ફરીવાર સાત પત્થર ઉપરાઉપરી ગોઠવી દઈ 'નારગોળિયો' બોલવાનું હોય છે. દાવ આપનાર હરીફ ટીમ આવું કરતા સામે વાળી ટીમને બોલ થી મારી આઉટ કરે છે, રોકે છે. દાવ લેનાર ટીમે આઉટ ન થવાય તે રીતે ત્વરાથી પત્થરની ઢગલી તેની મૂળ જગ્યાએ બનાવવાની હોય છે. ખેલ ખરાખરીનો જામે છે.

આ રમત દ્વારા શું ફાયદા થાય છે. સંગઠન શક્તિ વધે છે. નાત, જાત, ઉંચ, નીચ ના ભેદભાવ ભૂલી જઈ પોતાની ટીમને જીતાડવાની દૃઢ સંકલ્પશક્તિ ખીલે છે. એકાગ્રતામાં વધારો થાય છે. નિર્ણય શક્તિમાં વધારો થાય છે. દોડ ઝડપી બને છે. ભાઈચારો, મૈત્રી, એકતા જેવા ગુણ ખીલે છે. આનંદ, ઉત્સાહ, રોમાંચમાં વધારો થાય છે. ડર નીકળી જઈ હિંમત જેવા ગુણ ખીલે છે.

બીજું ઉદાહરણ જોઈએ. ગેઈમ-'જો જીતા વહી સિકંદર' (કંઈ પણ નામ રાખો). આમાં ૫ થી ૭ ટીમ રમાડી શકાય. દરેક ટીમમાં ૬ થી ૧૦ સભ્ય રાખી શકાય. દરેક ટીમનો કેપ્ટન નીમવો. નિયમ પ્રમાણે આ રમત નક્કી કરેલા સમયની અવધિમાં પૂરી કરવાની હોય છે. દરેક ટીમ ને છાપાના બંચ (નાની ઢગલી) અને સેલોટેપના રોલ (મોટા ૩-૫) આપવામાં આવે છે. આમાં દરેક ટીમે આ બે જ વસ્તુ દ્વારા પોતાની ટીમના એક સભ્યને ડેકોરેટ કરવાનો હોય છે. દરેક ટીમ જે 'કેરેકટર' (પાત્ર) નક્કી કર્યું હોય તે પ્રમાણે પેપરના કટીંગ્સ ટેપ દ્વારા ચોંટાડી પોતાના મેમ્બર ને તૈયાર કરે છે. દા.ત. મોર્ડન ગર્લ, નરેન્દ્ર મોદી, જોકર, સાન્તાકલોઝ, પોસ્ટમેન વગેરે. આ રીતે તૈયાર થનાર મેમ્બરે છટાદાર ચાલ દ્વારા વચ્ચે આવવાનું હોય છે અને પોતાના કેરેકટરને અનુરૂપ ડાયલોગ્સ બોલવાના હોય છે, સંદેશા આપવાના હોય છે અને ગેઈમ જીતી જવાની હોય છે.

આ ગેઈમ દ્વારા શું શીખવા મળે છે ? ત્રણ જજનો વિકલ્પ હંમેશા સાચા પરિણામ માટે શ્રેષ્ઠ પૂરવાર થાય છે. જજ શું નિરીક્ષણ કરે છે ?

ટાઈમ મેનેજમેન્ટ, આપેલા સમયમાં સફળતાપૂર્વક કાર્ય પૂરું કરવું. વિચાર શક્તિ, તર્ક શક્તિ વધે છે. ટીમ સ્પિરિટમાં વધારો થાય છે. કેપ્ટનની આજ્ઞાનું પાલન કરવાનું છે. પોતાને ભાગે આવેલા કાર્યને પૂર્ણ ન્યાય આપવાનો છે. કંઈક હટકે રજૂ કરવાનું હોવાથી હરિફાઈમાં જીતવા નવા નવા આઈડીયા અપનાવવાના છે. ઓછા (સિમીત) સાધનો દ્વારા કાર્ય કઈ રીતે પૂરું કરાય તેની શીખ મળે છે. જે કેરેકટર તૈયાર કર્યું છે તેણે સ્ટેજ પર (અથવા વચ્ચે) પહોંચી શું બોલવું ? કેવી છટા થી ચાલી ને વચ્ચે પહોંચવું તે બધા માટે ટીમ ના બધા જ સભ્યો મચી પડે

છે. નવા વિચારો, નવા આઈડીયાનો ઉદ્ભવ થાય છે. ઉત્સાહમાં વધારો થઈ નવું ક્રિએશન કર્યા નો આનંદ મળે છે. આ ગેઈમમાં જજ દરેક પાસા તપાસી માર્ક્સ મૂકે છે. ટીમના દરેક સભ્યે ભાગ લીધો હતો, મહેનત કરી હતી કે નહીં ? કોઈ બહારની વસ્તુનો સહારો લીધેલો કે નહીં ? ટાઈમ પૂર્ણ થયા પછી જે ટીમ કાર્ય ચાલુ રાખે છે તેના માઈનસ માર્ક્સ મૂકાય છે. નિર્માણ અને ધ્યેયમાં (કેરેકટરના) મેળ બેસે છે કે નહીં. કેરેકટરે સેન્ટરમાં આવી કેવી રજૂઆત કરી તેનો કોન્ફિડન્સ, એન્ટ્રી, સ્પીચ, એકશન, એક્સપ્રેશન બધાનો સમાવેશ કરી તેની નોંધ લેવાય છે. તે ઉપરાંત આપેલા સમયમાં કેરેકટર માટે કેટલી વસ્તુઓ (ઓબ્જેક્ટ) બનાવ્યા તેની નોંધ લેવાય છે. પબ્લિક રિસ્પોન્સ, સર્વમાં જજને પોતાને શું વધારે ગમ્યું આ દરેક બાબત જોવાય છે. જજના નિર્ણયના આધારે ટીમ ને હાર કે જીત મળે છે.

રમતમાં હાર અને જીત એ સિક્કાની બે બાજુ છે. અહીંથી પચાવેલા હાર કે જીત જીવનમાં ડગલે ને પગલે આપણો આત્મવિશ્વાસ ટકાવી રાખે છે અને ફરી પાછા સભાન પણે કાર્ય કરવા મક્કમ બનાવે છે.

બાળકના વિકાસમાં મા-બાપ, કુટુંબીજનોનું પ્રોત્સાહન અગત્યનો ભાગ ભજવે છે. આજના સમયમાં કોમ્પ્યુટર, મોબાઈલ ગેઈમ્સમાં ટાઈમ પૂરો કરી નાખતા બાળકોને ધીરજપૂર્વક મેદાન માં ઉતારવાનું કાર્ય મા-બાપનું છે. પ્રતિભા અહીં પણ ખીલે છે. વિકસે છે. નામના અને કિર્તી મળે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતોમાં આજ બાળકો સમાજ અને દેશના નામ રોશન કરે છે.

✤ ✤ ✤ ✤ ✤

# નિવૃત્તિ વેળાએ...

- રાજેશ કડકીઆ (યુ.એસ.એ.)

દરેક વ્યક્તિનાં જીવનમાં એક તબક્કો આવે છે. નિવૃત્તિનો આપણે સહુ આખી જીંદગી કંઈને કંઈ પ્રવૃત્તિ કરતાં જ રહીએ છીએ. આજ વાત અન્ય અલગ રીતે એમ પણ વિચારી શકાય કે અવિરત જીંદગીની દડમજલ બાદ એક એવી પળ આવે છે જ્યારે આપણે સહુ વિચારીએ છીએ કે બસ હવે બહું થયું. ખૂબ જ કામ કર્યું. આખી જીંદગી સતત દોડધામ કરી પ્રવૃત્તિમય રહ્યાં હવે જીંદગીનાં અંતીમ ચરણોમાં આ તબક્કે જ્યારે લગભગ પોણા ભાગની જીંદગી જીવાઈ ગઈ છે અને શેષ સમય હવે નિરાંતની પળોમાં આરામદાયક નિવૃત્તિમય જીવન પસાર કરવાનો સમય છે.

હવે ફૂરસદ જ ફૂરસદ છે. નથી કોઈ સમયસર કામ પર પહોંચવાની ઉતાવળ કે નથી કોઈ સવારનો ૯ વાગ્યાની ફાસ્ટ લોકલ પકડી કામ પર જવાની લ્હાય. હવે તો બસ ખૂબ જ નિરાંતે મોડેથી ઉઠી, અખબાર વાંચતા ચહાની ચૂસકી લેતાં આખો દિવસ હવે કેમ પસાર કરવો તેની પળોજણ. હવે નિવૃત થયાં એટલે બને તો ઘરકામમાં પત્નીને થોડો સહયોગ, તેનાં માટે આપનો અમૂલ્ય કિંમતી સમય ફાળવવો તથા પરસ્પરનાં સાથ સહકાર હૂંફથી ચાર આંખો ભેગી કરી એકબીજાનાં સુખ-દુઃખમાં સહભાગી થઈ સાથે જીવનની પળ તેની મજા માણવી રહી.

હવે નિવૃત્તીની વેળાએ આપણે ધારીએ તો ઘણી બધી ઈત્તરપ્રવૃત્તિ કરી શકીએ છીએ. પ્રથમ તો પરિવારનાં અન્ય સભ્યોને તેઓનાં રોજીંદા કાર્યમાં યથા શક્તિ મદદરૂપ થવું, યોગ્ય સલાહસૂચનો આપવા તથા પ્રાસંગિક હાજરી પૂરાવવી.

આના સિવાય આપનો ફાજલ સમયનો યથાશક્તિ, યથોચિત ઉપયોગ, જેમ કે સામાજિક કાર્ય અન્ય લોકોને આપની શક્તિ-પહોચરૂપ મદદ આપને કશીક વસ્તુનું જ્ઞાન હોય તો આપનાં સ્વાનુભવનો નિચોડ અન્યોનેય મદદરૂપ થવામાં જરૂરથી ઉપયોગ કરી શકાય.

નિવૃત્તિ એટલે આપનાં રોજીંદા જીવન વ્યવહારમાં આવતો ફેરફાર આવા સમયે મારો ટાઈમ કેમ પસાર કરીશ કે હું આખા દિવસ દરમ્યાન શું કરીશ તેવું ન વિચારતાં આપનાં કિમતી સમયનો કેમ સદુપયોગ કરવો તે જોવું રહયું.

અગર આખી જીંદગી દરમ્યાન આપે સરખું કમાઈને સારી એવી બચત કરી હોય જે આપને આવતાં વર્ષોમાં ખૂબ જ ઉપયોગી થઈ રહે કે શેષ જીંદગી આપ ખૂબ જ આરામદાયક, સુખ-શાંતિ સાથે આપનાં પરિવારજનોના સાથ સહકારમાં સારી રીતે પસાર કરી શકો. કરવા જેવી તો ઘણી બધી પ્રવૃત્તિઓ છે કે આપનો સમય કયાંય ખૂબ જ સારી રીતે પસાર થઈ શકે જેના માટે ફક્ત આપના સમયનું આયોજન કરવું અત્યંત જરૂરી છે.

કંઈ કેટલાય લોકો મદદ-સહાય માટે આમતેમ નજર દોડાવતાં જોવાં મળે છે. સવાલ વૃધ્ધો, મહિલાઓ કે બાળકો જીવનમાં દરેક ક્ષેત્રે લોકોને સહાય જોઈતી જ હોય છે. નિઃશુલ્ક સેવા સહાય મદદ એ જ આપનાં જીવનનું ધ્યેય લક્ષ્ય હોવું જરૂરી છે. અન્યોનાં આંસુ લૂછવા તેઓની પીડા ઓછી કરવા જેવું સત્કાર્ય બીજું કંઈ જ નથી.

જીવનની આ પળે આપનાં આત્માની પરિતૃપ્તિ અર્થે આપ જેટલું સદ્કાર્ય સેવાભાવ મદદરૂપ થવાની ભાવના કેળવશો તેટલું જ ઈશ્વર આપસહુનું કલ્યાણ કરશે જ કરશે તેમાં કોઈ જ બેમત નથી. બાકી સહુકોઈ બંધ મુઠ્ઠી લઈને આ દુનિયામાં પ્રવેશે છે અને નિયત સમયે હથેળી ખૂલ્લી રાખીને કશુંય સાથે લીધા વગર પોતાનાં સત્કાર્યોનું ભાથું બાંધીને સ્વર્ગે સિધાવી જાય છે. અન્યોનાં સુખે સુખી તથા દુઃખમાં સહભાગી થવું તેનાં જેવી પરિસ્થિતિ શક્ય જ નથી. બાકી તો ઈશ્વર, અલ્લાહ તેરે નામ, સબકો સન્મતી દે ભગવાન.

✤✤✤✤✤


સ્વ. સવિતાબેન રમણલાલ પરીખ (લઠ્ઠા પારેખ) ના જે જે શ્રી ગોકુલેશ

# શિખામણ નહીં સમજણ

- મહેન્દ્ર સી. શાહ

જન્મદાતા મા-બાપ હયાતીમાં જ જે કંઈક પુણ્યવતી પળે એમને સ્નેહ ભર્યાં બે શબ્દ કહી એમના દર્શન કરી લેજો. આ કરૂણામૂર્તિ મા-બાપનો દેહ વિલાઈ ગયા પછી છેલ્લી ઘડીએ ગંગાજળના બે ટીપા મૂકીને કે પાછળ રોઈને શું કરશો ? જીવતા જીવ રોવડાવી પાછળ મર્યા પછી રોઈ શું અર્થ.

તમે કઈ યોનીમાં જન્મ્યા હોત તે શું ખબર ? પણ માબાપ તમને પૃથ્વી ઉપર મનુષ્ય યોનીમાં લાવેલ ભગવાનને કોઈએ જોયા નથી પણ પૃથ્વી ઉપર લાવનાર મા-બાપને જોયા છે. તેજ તમારા ખરા ભગવાન છે. આ સંસારના ખરા દેવ માબાપ છે. એમની દીવો સળગાવી આરતીના કરો તો કંઈ નહીં પરંતુ તેમના આત્માને સળગાવી રીબાવશો નહીં તેમની સેવા કરી તેમને હૂંફ આપવી તેજ તેમની આરતી છે.

નવ નવ માસ સુધી પોતાના પેટમાં રાખી દેવના લાડથી સાચવ્યા તેમને નવ દિવસ પણ રીબાવશો નહીં. વારા પછી વારો છે તેમના પછી તમારો છે એ કુદરતના ન્યાયને જાણજો.

મા-બાપ ખૂબજ નાજુક પરિસ્થિતિમાં મળેલ હોય છે. કેટલાક મા બાપને તો સવાર સાંજના પણ ફાફા હતા. તેવા સમયમાં પણ તમને મોટા કર્યા પેટે પાટા બાંધીને પણ તમને ભણાવ્યા. સારી નોકરી કરાવી. પૈસા કમાતા કર્યા. સમાજના રિવાજ પ્રમાણે લગ્ન કરાવ્યા તેમને પૈસાની કિંમત હતી. તેવા ઘરમાં પૈસાવાળાની પુત્રવધુ બેફામ ખર્ચ કરતી હોય તો તેમને માબાપ બે શબ્દ કહે તો તમે ભલે પત્નીને ઠપકો આપી શકતા ન હોય તો કંઈ નહી પરંતુ માબાપને શિખામણ આપશો નહીં. માબાપે તમારાથી વીસ પચ્ચીસ વર્ષ વધુ દિવાળી, હોળી જોયેલ છે. તેમને ગરીબીની વ્યાખ્યા ખબર છે. તેથી ઘરના ખોટા ખર્ચ તેમનાથી સહનના થાય તો પણ તેમને વિનંતી કરી સમજાવજો. પરંતુ પત્નીના કારણે બાપને ઉચા શબ્દ બોલી રીબાવશો નહીં.

જીવતા જીવે માબાપની સેવા કરી લો. મર્યા પછી છબી (ફોટા) ઉપર હાર ચઢાવશો કે પુણ્યતીથી સમાજના ડરથી ઉજવશો કે પેપરમાં આપી લાગણી પ્રદર્શનનો કોઈ અર્થ નથી.

તેમને કાશી, વૃંદાવન બતાવશો નહી તો ચાલશે પણ ઘરડા ઘર બતાવશો નહી તેવી મારી વિનંતી છે.

ભૂલો ભલે બીજું બધું માબાપને ભુલશો નહીં.

✤✤✤✤✤

# બાલાસિનોર ના સામાજિક સેવાક્ષેત્રે ગાંધીયુગના અંતિમ સિતારાની વિદાય
# વાડસોલ કર્મવીર રમણીકભાઈ ધારીઆ



પારેખ વાડાના ઘરમાં બચપણ વીત્યું, માતા સૂરજબા અને પિતા લલ્લુભાઈ ધારીઆના ફરજંદ, બે બહેનો અને બે ભાઈઓનો પરિવાર નાનપણનું હુલામણું નામ 'ભીખો'. આડોશ પાડોશના લોકોના નાનાં મોટાં કામ કરવા સદા તત્પર. ગળથૂથીમાં મળેલા સંસ્કાર કાર્યરત રહ્યા ત્યાં સુધી જાળવી રાખ્યા. ૯૭ વર્ષની ઉંમરે આપણી વચ્ચેથી હંમેશ માટે વિદાય લેનાર રમણીકભાઈ એટલે સેવાક્ષેત્રે નેત્રદીપક કામ કરનાર કાર્યકર્તા.

રમણીકભાઈનું જીવન એટલે સંઘર્ષ. બચપણમાં કારમી ગરીબી વેઠવી પડી. ચાર આનાની ફી મંડળમાંથી મેળવી શિક્ષણ પ્રાપ્ત કર્યું. યુવાનીમાં ગાંધીજીના વિચારોથી પ્રભાવિત થયા. કોંગ્રેસની સમાજવાદી પાંખમાં સક્રિય રહ્યા. સમાજ સેવાની એક અલખ જગાવી પોતાના જીવનમાં બાલાસિનોર સંસ્થાન યુવક સંઘમાં, વતનની રાજકીય ગુલામી દૂર કરવા મિત્રો સાથે ખભેખભા મિલાવી કાર્ય કર્યું.

બાલાસિનોરની સ્થાનિક અને મુંબઈમાં કાર્ય કરતી અનેક સંસ્થાઓમાં એમનું યોગદાન. કે.એમ.જી. હોસ્પિટલ, બાલાસિનોર સેવા સમાજની સ્થાપનામાં અગ્રસર. બાલાસિનોર કેળવણી મંડળના આદ્યસ્થાપક, મંત્રી, ઉપપ્રમુખ અને પ્રમુખ ૧૯૭૮, ૧૯૮૭ તેમજ ટ્રસ્ટી તરીકે વર્ષો સુધી સેવા અને દોરવણી આપ્યા. હોસ્પિટલમાં પ્રમુખ ૧-૪-૮૮ થી ૧૨-૫-૯૮ હોસ્પિટલ માટે મોરારીબાપુની કથાના આયોજનમાં હોસ્પિટલમાં અંબાલાલ શાહ ખંડના નામકરણ માટે બાલાસિનોર ગર્લ્સ હાઈસ્કુલ, રાષ્ટ્રીય વિદ્યામંદિર ને પુનમચંદ વૈદ્યરાજ વિદ્યાલયના નામાભિધાન અને લોકફાળા માટે કોલજનું બંધારણ ઘડવામાં પણ એમનું મહત્વનું યોગદાન રહયું.

ડોંગરે મહારાજ, કૃષ્ણશંકર શાસ્ત્રીજી જેવા વિદવાનોના પરિચયમાં કથા સપ્તાહ દરમિયાન આવ્યા જે અંગત સંબંધો સુધી વિસ્તાર્યા. ડૉ. કાન્તિભાઈ દોશી ચીખોદરાવાળાના સહયોગથી હોસ્પિટલમાં નેત્રયજ્ઞ અને અન્ય તજજ્ઞ ડૉકટરના સહકારથી હાડકાની સર્જરીના કેમ્પ સફળતા પૂર્વક યોજાયા.

આજીવીકા રળવા મુંબઈ આવ્યા. ભારત પેપર માર્ટમાં સર્વિસ સ્વીકારી '૪૨ ની ભારત છોડો ક્વીટ ઈન્ડિયા ચળવળ વખતે પત્રિકાઓ પ્રગટ કરવા એમની ધરપકડ માટે આવેલા. C.I.D. ને 'ભીખો', નામધારી રમણીકભાઈએ ગુમરાહ કર્યા, અને કેટલાક દિવસો ભૂગર્ભવાસમાં ચાલી ગયા. શશીભાઈના બોમ્બ કેસમાં મુખ્ય સાક્ષીને લઈ આવવા ભગીરથ પુરૂષાર્થ કરી એમને ફાંસીની સજામાંથી ઉગાર્યા.

ભાર પેપર માર્ટમાંથી છૂટા થઈ સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો. જેમાં કીર્તનભાઈ ધારીયા અને નટવરલાલ મગનલાલ કડકીઆ (લટકારી) ભાગીદારો તરીકે જોડાયા. ૪૨ની ચળવળના સહકાર્યકર પંજાબી મિત્રના સહકારથી પવઈની જમીનમાં રોકાણ કર્યું. સમયાંતરે મિત્રોએ ત્યાં પોતાના બંગલા બનાવ્યા.

૧૮-૨-૧૯૪૧ના દિને દાંપત્ય જીવનમાં પ્રવેશ કરતાં લીલાબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયાં લીલાબેનનો રમણીકભાઈને પૂરેપૂરો સહકાર સાંપડયો. એમણે પણ સાદગીભર્યું જીવન સ્વીકાર્યું. અલંકારોનો ત્યાગ કર્યો. ત્રણ દિકરા સુધીર, નિખિલ, ચેતન અને દિકરી મીતાનું નાનકડું કુટુંબ.

દેહવિલયના એક-બે વર્ષો પૂર્વે બાલાસિનોરમાં એમની આવન-જાવન રહી. પાયગા શેરીના નિવાસથી

સુરતી એન્ડ કું. ની દુકાને અચૂક આવી એકાદ કલાક બેસતા. મિત્રો, કાર્યકરોને નાનું-મોટું માર્ગદર્શન કરતા.

રમણીકભાઈ એટલે સ્નેહાળ, સરળ, સૌમ્ય, શાંત અને સાદગીનું મૂર્તિમંન સ્વરૂપ. સામાજિક સેવાકાર્યોના જ્યોતિર્ધર. સ્વાતંત્ર્ય સૈનિક, રાષ્ટ્ર પ્રત્યે અપાર અનુરાગી. સ્વાવલંબી એવા કે તબિયતે સાથ આપ્યો ત્યાં સુધી પોતાનાં વસ્ત્રો જાતેજ ધોઈ લેતા. ગાંધીજીના પ્રભાવ હેઠળ આજીવન સંપૂર્ણ ખાદીધારી.

ભલે કવિએ કહયું હોય કે -

'મારી પાછળ મુજ હસ્તિ એ રીતે વિસરાઈ ગઈ'

જલમાંથી નીકળી આંગળી ને જગા પુરાઈ ગઈ.

પરંતુ રમણીકભાઈ એ સેવાની ફેલાવેલી સુગંધ આપણે વર્ષો સુધી માણતા રહીશું. એમના સેવાકાર્યોથી તેઓ આપણી વચ્ચે સદાય જીવંત રહેશે.

સૌ પ્રથમ કર્મવીર સન્માન પ્રાપ્ત કરનાર રમણીકભાઈથી સન્માનનું પણ ગૌરવ વધ્યું છે. આવા વિરલ વ્યક્તિત્વની વિદાયથી આપણી સેવા સંસ્થાઓને ખોટ પડી તે પુરાતા સમય લાગશે. સ્વર્ગસ્થ રમણીકભાઈને એમનાં કાર્યોની પૂર્તિ દ્વારા જ આપણે સાચી શ્રધ્ધાંજલી અર્પી શકીશું.

**પૂરક માહિતી : કાંતિભાઈ કવિ, ચેતન ધારીઆ**

**સંકલન : પ્રવીણ દેસાઈ.**

**રમણીકભાઈ**

ર : એટલે રહેમદિલ.

**લલ્લુભાઈ**

લ : એટલે લબ્ધપ્રતિષ્ઠ.

**ધારીયા**

ધ : એટલે ધૈર્યવાન.



શ્રી સુકેતુ આર. મોદી (સી. લાઈટ) ના જે જે શ્રી ગોકુલેશ

## Shree Balasinor Navyuvak Sangh

# Notice of 65 th Annual General Meeting

Dt. 15-05-2015

To,

All Members,

Notice is hereby given that 65th Annual General Meeting of Shree Balasinor Navyuvak Sangh will be held under the presidentship of Shri Kalpesh Suresh Dharia (Balbal) on Sunday 28th June, 2015 at 5.00 P.M. at Shri Mohanlal Sankarlal Shah (Zat) Sabhagruh to transact the following Business on the agenda.

### AGENDA FOR THE MEETING

1. To read, confirm and approve the minutes of the 64th Annual General Meeting held on 29th June 2014.
2. To receive, consider and adopt the managing committee report for the year 2014-2015.
3. To receive, consider and adopt the audited Accounts of the sangh for the year ended 31st March 2015.
4. To appoint the auditor for the year 2015-2016 and fix his remuneration.
5. To distribute the educational prizes under the scheme named Smt. Shantaben Shantilal Shah (Choksi) Annual Educational Prize Distribution.
6. To Distribute the prizes of Shri Surendra Parikh (Surendra Trading Corporation) & Shri Daxeshbhai / Shri Mineshbhai Kadakia (Kadakia Enterprises) Indoor Sports Activity.
7. Any other matter from the desk of President.
8. President's Address.

### NOTES

1. If the meeting is adjourned for the want of Quorum the same will be held on same day at the same place after half an hour of the appointed time and the adjourned meeting will transact the business on the agenda, irrespective of whether there is quorum or not.
2. All members are requested to be present for the meeting on time.

**Hon Secretary - Shri Bhavesh Bipin Mody (Thasrawala)**

શ્રી બા.ન. સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગનો વર્ષ ૨૦૧૫-૧૬નો પ્રથમ કાર્યક્રમ મહિલા વિભાગના ભૂતપૂર્વ સંયોજકોનું સન્માન અને સાથે ગુરૂકુલ એકેડમીના Wonder Kids ની સપ્તરંગી Musical Event ૧૯-૬-૧૫ શુક્રવારે બપોરે ૩ કલાકે જયંહિદ કોલેજના ઓડિટોરિયમ ચર્ચગેટ ખાતે રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમના પાસના રૂપિયા ૮૦ રાખવામાં આવ્યા છે. પાસ ૨-૬-૧૫ મંગળવારે સંસ્થાની ઓફિસમાં ૩ થી ૪ દરમ્યાન આપવામાં આવશે.

**સંયોજક – અમી ધારીયા – ૯૯૬૯૧૧૪૦૮૩**

## શ્રી મહાપ્રભુજી

**– પ્રવીણા કડકીઆ**

શ્રી મહાપ્રભુજી ગુરૂ મારા હૈયામાં બિરાજો
હૈયામાં બિરાજો મુજને સત્ય સમજાવો ... શ્રી મહાપ્રભુજી
સત્ય સમજાવી મારાઓ હાથ ઝાલી લેજો
હૈયામાં બિરાજી જ્ઞાનનો દીવડો પેટાવજો ...શ્રી મહાપ્રભુજી
તારા દર્શન કાજે આજે ચંપારણમાં આવી
અભિલાષા મારી પૂરી થઈ શિતળતા પામી ...શ્રી મહાપ્રભુજી
પુષ્ટિમાર્ગના પથપર ચાલી તારે શરણે આવી
શ્રી કૃષ્ણ શરણં મમનો મંત્ર સદા ઉચ્ચારી ...શ્રી મહાપ્રભુજી
સેવાની હું રીત ન જાણું દાસી છું અજ્ઞાની
વિનવું તમને શીશ નમાવી કરો કૃપા તમારી ...શ્રી મહાપ્રભુજી
તારા નામનો મહિમા પેલા વૈષ્ણવજન સહુ જાણે
તારી કરૂણાના સાગરે ડૂબી પ્રેમી જન સહુ માણે ...શ્રી મહાપ્રભુજી

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ દ્વારા આયોજીત

# 'ચાલો બાલાસિનોર વર્ષ ૨૦૧૫-૧૬'

# તારીખ ૮-૧૧-૧૫ થી ૧૩-૧૧-૧૫

**મુંબઈ કમીટી**

૧) જીગર મણીકાંત કડકીઆ - સંયોજક
૨) અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ - સહસંયોજક
૩) હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા)
૪) ગોપાલ રમણલાલ કડકીઆ (ખીસાદાર)
૫) નીમીષ બાબુલાલ ગાંધી (પાકા)
૬) સમીર જયેન્દ્ર ગાંધી
૭) નિકેશ જયેન્દ્ર ગાંધી
૮) ચંદ્રેશ પ્રવિણચંદ્ર કડકીઆ (ખીસાદાર)
૯) સુનીલ નવીનચંદ્ર મોદી (ઠાસરાવાળા)
૧૦) દીપક નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા)
૧૧) વસંત નટવરલાલ દેસાઈ
૧૨) દિલીપ નટવરલાલ ધારીઆ (દાઉદીઆ)
૧૩) મનોજ રસીકલાલ પરીખ (બખલી)
૧૪) મયુર રજનીભાઈ શાહ (ઠાસરાવાળા)
૧૫) દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા)
૧૬) હિમાંશું મહેન્દ્ર મોદી (ઠાસરાવાળા)
૧૭) કેદાર ચીમનલાલ ગાંધી
૧૮) કેતન રજનીકાંત કડકીઆ (ચોકસી)
૧૯) બકુલ ચીમનલાલ શાહ (નગરશેઠ)
૨૦) ધર્મેશ જયંતીલાલ શાહ
૨૧) વિમલ વિપીનચંદ્ર મોદી (ઠાસરાવાળા)
૨૨) ચિરાગ ચંદ્રકાન્ત પરીખ
૨૩) શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી (ઉપપ્રમુખ)
૨૪) શ્રી ભાવેશ બીપીન મોદી (મંત્રી)

**મંત્રી :**
**શ્રી ભાવેશ બીપીન મોદી**
૮૮૭૯૪૨૨૩૦૪

**બાલાસિનોર કમીટી**

૧) મણીકાંતભાઈ કડકીઆ
૨) પ્રિયકાંતભાઈ દેસાઈ
૩) મંયકભાઈ કડકીઆ (ટીનુભાઈ ચોકસી)
૪) કૌશીકભાઈ ચોકસી.
૫) શશીકાંતભાઈ મોદી (મેઘલીયાવાળા)
૬) ગોપાલભાઈ શાહ
૭) પંકજભાઈ શાહ (ચહાવાળા)
૮) ડૉ. રાકેશભાઈ શાહ
૯) દિલીપભાઈ ધારીઆ
૧૦) રાજુભાઈ ધારીઆ
૧૧) વ્રજેશભાઈ શાહ
૧૨) દિલીપભાઈ સોની
૧૩) મનીશભાઈ શાહ
૧૪) નીતીનભાઈ શાહ (સેવક)
૧૫) સૌમીલભાઈ મોદી (ઠાસરાવાળા)
૧૬) રૂપેશભાઈ ધારીઆ (બલબલ)
૧૭) પીયુષભાઈ શાહ (ચોકસી)
૧૮) રોહીતભાઈ શાહ (યમુનાવાળા)

**સંયોજક :**
**શ્રી જીગર મણીકાંત કડકીઆ**
૯૮૨૦૩૩૧૫૩૫

**સહ સંયોજક :**
**શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**
૯૮૩૩૮૬૭૬૦૧

**આવશ્યક સુચનાઓ :-**

૧) દરેક વ્યક્તિએ પોત પોતાના સામાનની હેરાફેરીની વ્યવસ્થા પોતે જ કરવાની રહેશે.

૨) દરેક વ્યક્તિએ પોતાના નામની ટીકીટમાં પોતેજ પ્રવાસ કરવાનો રહેશે. જો એ ટીકીટમાં બીજો કોઈ પ્રવાસ કરશે તો એની જવાબદારી જેતે વ્યક્તિની વ્યક્તિગત રહેશે.

૩) જો કોઈ કારણસર ટીકીટ કેન્સલેશન હશે તો તા. ૩૦-૧૦-૧૫ સુધીજ કેન્સલ કરવામાં આવશે. અને કેન્સલેશન ચાર્જ તથા એજન્ટનો ચાર્જ તે વ્યક્તિએ ભરવાનો રહેશે.

૪) સંપૂર્ણ વિગતો સાથે વિગતવાર ભરેલ ફોર્મ અને પુરી રકમ તા. ૧૫-૬-૧૫ થી ૩૦-૬-૧૫ સુધી નીચે જણાવેલ સ્થળોએ જમા કરવાના રહેશે.

**૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ** : ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, મુંબઈ - ૪, ફોન નંબર : ૨૩૮૮૭૦૦૬, ફોર્મ સ્વીકારવાનો સમય બપોરે ૩ થી ૬, રવિવારે સવારના ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી. બુધવાર બંધ

**૨) શૈલેષ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ (સૌમીલભાઈ મોદી)** : ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, બેગમોહમદ સ્કુલની સામે, મુંબઈ-૩, ફોન નંબરઃ ૨૩૪૨૬૩૧૬, ફોર્મ સ્વીકારવાનો સમય : સોમવારથી શનિવાર બપોરના ૧૨ થી ૬ વાગ્યા સુધી.

**૩) બાલાસિનોર પ્રગતિ સમાજ** : ૪૫/૪૯ બાબુગેનુ રોડ, બાલકૃષ્ણ કૃપા, ઓફ કાલબાદેવી રોડ, મુંબઈ-૨, ફોન નંબર : ૨૨૦૫૩૪૭૬, સંપર્ક : શ્રી કિર્તી હીરાલાલ કડકીઆ ફોર્મ સ્વીકારવાનો સમય : ૪ થી ૬ (સોમવાર થી શનિવાર)

**ઉપનગર ખાતે.**

**૪) શાહ હેમેન્દ્રભાઈ રમણલાલ શાહ (ચકવા)** : C-૩૦૨, સુમેરનગર, એસ.વી.રોડ, બોરીવલી વેસ્ટ, ફોર્મ સ્વીકારવાનો સમય સવારના ૧૦ થી ૧, મો.નંબર :૯૮૨૦૦૧૧૫૮૬

**૫) ગાંધી નીમીષ બાબુલાલ (પાકા)**: બી-૩૧, રાજેશ એપાર્ટમેન્ટ, એ-૭૨, શંકરગલી, ત્રીજે માળે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭, ફોર્મ સ્વીકારવાનો સમય સવારના ૧૦ થી ૧ વાગ્યા સુધી, મો.નંબરઃ ૯૮૨૧૬૪૭૩૫૦

**નોંધ**

૧) તા. ૯-૧૧-૧૫ થી ૧૩-૧૧-૧૫ જમણવાર દરમ્યાન મીનરલ વોટર (Disposable Glass / Bottle) આપવામાં આવશે.

૨) ટીફીનની વ્યવસ્થા કરવામા આવશે નહીં.

૩) દરેક વ્યક્તિએ Govt.Photo ID સાથે રાખવું જરૂરી છે.

૪) સંઘ દ્વારા આયોજીત 'ચાલો બાલાસિનોર'ના પ્રોગ્રામ માં સાથે ન જોડાનાર વ્યક્તિઓને જમવાના પાસ બે દિવસ પહેલા મળી શકશે. Same Day જમવાના પાસ આપવામાં નહીં આવે.

**સંયોજક :**
**શ્રી જીગર મણીકાંત કડકીઆ**
૯૮૨૦૩૩૧૫૩૫

**મંત્રી :**
**શ્રી ભાવેશ બીપીન મોદી**
૮૮૭૯૪૨૨૩૦૪

**સહ સંયોજક :**
**શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**
૯૮૩૩૮૬૭૬૦૧


સ્વ. લીલાબેન નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# SHREE BALASINOR NAVYUVAK SANGH PRESENTS
# "CHALO BALASINOR" 08TH NOVEMBER 2015 TO 13TH NOVEMBER 2015

Form No : __________ Date : _________

Name of Applicant : ______________________________

Address : ______________________________

______________________________

Telephone No : ______________ Mobile No: ______________

| SR. No | SURNAME | NAME | MIDDLE NAME | AGE | SEX | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| 01 | | | | | | |
| 02 | | | | | | |
| 03 | | | | | | |
| 04 | | | | | | |
| 05 | | | | | | |
| 06 | | | | | | |

| Package Cost | Sleeper Class | III AC | II AC |
|---|---|---|---|
| Male/Female Regular | Rs. 2,250/- | Rs. 3,100/- | Rs. 3,650/- |
| Sr. Citizen Female | Rs. 2,000/- | Rs.2,500/- | Rs.2,800/- |
| Sr. Citizen Male | Rs. 2,100/- | Rs. 2,600/- | Rs. 2,950/- |
| Child (5 to 11 years) | Rs. 2,050/- | Rs. 2,750/- | Rs. 3,200/- |

**INSRUCTIONS:**

1. FORMS TO BE FILLED IN BLOCK LETTERS ONLY IN ENGLISH LANGUAGE.
2. PACKAGE CHARGES INCULDES TRAVELLING EXPENSES AND ALL MEALS AND BREAKFAST.
3. SEPARATE FROMS MUST BE FILLED FOR DIFFERENT TRAVELLING CLASS (XEROX ALLOWED).
4. FULL PAYMENT IN CASH WILL HAVE TO BE MADE AT THE TIME OF FORM SUBMISSION.
5. CANCELLATION CHARGES ALONG WITH AGENT CHARGES TO BE BORNE BY THE APPLICANT.
6. NO CANCELLATION ALLOWED AFTER 30TH OCTOBER 2015
7. TICKETS ARE NOT TRANSFERABLE.
8. ALL PASSENGERS WILL HAVE TO CARRY THEIR GOVERNMENT PHOTO ID WITH AGE PROOF.

**(CONVENER)**
**JIGAR MANIKANT KADAKIA**
**9820331535**

**(SECRETARY)**
**BHAVESH BIPIN MODI**
**9869080287**

**(JT. CONVENER)**
**ALPESH YOGESH DHARIA**
**9833867601**

---

**FOR OFFICE USE ONLY**

Form No: _________

Name of Applicant : ______________________________

Received Rs. ______________

Receivers Signature : ______________

**FOR SHREE BALASINOR NAVYUVAK SANGH**


શ્રી યોગેશ રમણલાલ પરીખ (જુનાગઢવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## શ્રીમતી શાંતાબેન શાંતીલાલ શાહ (ચોકસી) પુરસ્કૃત
## વાર્ષિક પારિતોષિક યોજના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તરફથી વિવિધ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક પરિક્ષાઓમાં વર્ષ ૨૦૧૪-૨૦૧૫મા ઉર્તીણ થનાર વિધાર્થી ભાઈ તથા બહેનોને પારિતોષિકો આપવાના છે.

જેમાં K.G. ધોરણ ૧ થી ૯, S.S.C, H.S.C., B.Com. B.Sc, BDC, CA, LLB, MBA, MBBS વગેરે પરીક્ષાઓનો સમાવેશ થાય છે.

તો દરેક પરિક્ષામા સારા માર્ક સાથે ઉર્તીણથનાર વિધાર્થી ભાઈ બહેનોએ પોતાની માર્કશીટ (ઝેરોક્ષકોપી) પાછળ પુરુ નામ, સરનામું તથા ફોન નંબર સાથે લખીને ૧૦-૬-૨૦૧૫ સુધીમાં સંસ્થાની ઓફીસમાં આપી જવા વિનંતી.

ઈનામનું વિતરણ સંસ્થાના વાર્ષિક સામાન્ય સભાને દિવસે કરવામાં આવશે.

મંત્રી : ભાવેશ બીપીન મોદી સહમંત્રી : જસ્મીન બીપીન શેઠ


Chandresh Enterprise Corp. (Crompton - Schneider - Wipro)

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

## શ્રી મનોજભાઈ અમરીશભાઈ કચેરીયા કન્સેશનલ રેટ નોટબુક યોજના

ગત વર્ષ મુજબ ચાલુ વર્ષે આપ સૌની જરૂરીયાત ધ્યાનમાં રાખીને
બજાર કિંમત કરતા સસ્તા દરે નોટબુકનું વેચાણ હાથ ધરેલ છે.

**એ - ૪ સાઈઝ કોલેજ બુક ૧૫૦ રૂ. ડઝન**

**આ વેચાણ તા. ૨૪-૫-૧૫ના રોજ સવારે ૯ કલાકે નીચે જણાવેલ સ્થળોએથી હાથ ધરાશે અને નોટબુકો હશે ત્યાં સુધી મળશે.**

**શહેર વિભાગ** : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ : ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી.રોડ, મુંબઈ-૪
**સમય :** સોમવાર થી શનિવાર ૨ થી ૭, રવિવાર સવારના ૯.૩૦ થી ૧૧.૩૦.
**નોંધ :** દર બુધવારે સંસ્થાની ઓફીસ બંધ રહેશે.

**પરા વિભાગ** :

(૧) **શ્રી હેમાંશુ હરીશચંદ્ર દેસાઈ :** ૯/૧૨ ઘાસવાલા બીલ્ડીંગ, રૂ.નં.૫, પોલીસ સ્ટેશનની સામે, એમ.વી.રોડ, અંધેરી (ઈ), મુંબઈ - ૬૯
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૨) **પરીખ કોકીલાબહેન હીરાલાલ (ડાબલી) :** ૨૪/એ, કૈલાશ નગર, શંકર ગલ્લી, કાંદિવલી (વે), મુંબઈ - ૪૦૦૦૬૭,
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૩) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) :** સી ૩/૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨
**સમય :** સવારના ૧૦ થી ૧૨.૩૦ (ફક્ત રવિવાર)

(૪) **શ્રી કિરણ કાછીયા :** D-1, 606, કમલા પાર્ક, ૬૦ ફીટ આઈસીઆઈસી બેન્ક, ભાયંદર (વેસ્ટ)
મો. ૯૮૨૧૨૮૯૩૨૬ (ફક્ત રવિવારે)

**નોંધ :** ગયા વર્ષની માર્કશીટની નકલ અથવા હોલટીકીટની નકલ સાથે લાવવી ફરજીયાત છે. તે સિવાય નોટબુકો આપવામાં નહી આવે.

**મંત્રી : ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક : અજય દોશી**

---

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

## શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)

### સહભાગી સ્વ. મંજુલાબેન શાંતીલાલ પરીખ અને સ્વ. શાંતીલાલ સાંકરલાલ પરીખ (રાઠોડીઆ)

## નોટબુક રાહત યોજના

સંસ્થા દ્વારા ચાલતી ઉપર્યુક્ત યોજનામાં નોટબુકો આપવામાં આવે છે. આ યોજનાનો જે કોઈ વિદ્યાર્થી ભાઈ-બહેનો લાભ લેવા ઈચ્છતા હોય તેઓને જણાવવાનું કે આ અંગેના નવા અરજીપત્રકો તા. ૧૯-૪-૧૫ થી તા. ૧૭-૫-૧૫ સુધી સંસ્થાની ઓફિસમાં સંપૂર્ણ વિગતો સાથે ભરી ને આપી જવા. આ અંગેના નવા અરજીપત્રકો સંસ્થાની ઓફિસમાં સંસ્થાના કાર્યાલયના સમય દરમ્યાન મળશે.

**નોંધ :** નોટબુક રાહત યોજના હેઠળ નોટબુકનું વિતરણ તા. ૭-૬-૨૦૧૫ના રવિવારે સવારના ૯ કલાકે સંસ્થાના કાર્યાલય ખાતે કરવામાં આવશે.

**નોંધ :** ફક્ત નવા અરજીપત્રકોજ સ્વીકારવામાં આવશે.

**કાર્યાલયનો સમય :** સોમવાર થી શનિવાર બપોરે ૨ થી ૭ રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦. (દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે).

**મંત્રી : ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક : અજય દોશી**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૭મી બેઠક તા. ૨૭-૩-૧૫ના રોજ સાંજે ૬-૪૫ કલાકે શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગ્રહ (સંસ્થાની ઓફિસ) ખાતે પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ મળી હતી.

તેમા નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા. સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠએ ગત મિટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆ ખજાનચી પદ માટે ખાલી પડેલ બેઠક માટે શ્રી નીલેશ નવનીતલાલ શાહના નામ ની રજુઆત કરી હતી તે સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવી હતી.

શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભટ્ટી) પુસ્તક યોજના, શ્રી મનોજભાઈ પ્રવીણચંદ્ર કચેરીઆ મેડીકલ અને એન્જીનીયરીંગ ટેક્ષબુક યોજના, શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) પરિવાર પોસ્ટ ગ્રેજ્યુએશન યોજના, શ્રીમતી નુતનબેન અક્ષય પરીખ (બખલી) ધોરણ ૧૧ થી ગ્રેજ્યુએશન ટેક્ષબુક યોજના અને માતુશ્રી મણીબેન અને પિતાશ્રી વલ્લભદાસ ગરબડદાસ ગાંધી પ્રોફેશનલ ટેક્ષબુક યોજનાના સંયોજક શ્રી જગદીશ પરીખએ એમનો અહેવાલ અને હિસાબ રજુ કર્યો હતો. તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી) ટેલીફોન ડીરેકટરીના સંયોજક શ્રી જસ્મીન શેઠએ આજ દીન સુધીનો હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી સુરેન્દ્ર પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) શ્રી દક્ષેશભાઈ / મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈસીસ) આંતરીક રમત ગમતના સંયોજક શ્રી સંજય શાહ એ એમનો અહેવાલ અને હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

જ્યોતિપુંજના સંયોજક શ્રી બંકિમ પરીખએ એમનો અહેવાલ અને હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી નટવરલાલ ચુનીલાલ મોદી (ચેપ) જનસાથી ક્રિકેટ ટુર્નામેન્ટ, શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) બી એન એસ લાલખા ક્રિકેટ ટ્રોફી, શ્રી મુળજીભાઈ ચંદુલાલ ધારીઆ (લાલખા) અને શ્રી પુનમચંદ સાંકરલાલ કડકીઆ (લાલખા બેરા ટ્રોફી) અને બીપીએલ ક્રિકેટ ટુર્નામેન્ટના સંયોજક શ્રી ચિરાગ પરીખે એમનો અહેવાલ અને હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી શાંતાબેન કાન્તીલાલ લાલચંદ દોશી મહિલા વિભાગના સંયોજક અનઉપસ્થિત હોવાથી મંત્રી શ્રી ભાવેશ મોદીએ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી સ્વાસ્થ્ય યોજના, શ્રીમતી તારાબેન કીરતનલાલ લલુભાઈ દેસાઈ હોસ્પિટલ સહાય યોજના, શ્રીમતી કમલાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાલા) ટ્રીટમેન્ટ ફોર કેન્સર, કુમાર ઉજસ અનીષ ગાંધી ટ્રીટમેન્ટ ફોર બાઈ-પાસ સર્જરી અને શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયાલીસીસના સંયોજક અનઉપસ્થિત હોવાથી શ્રી અજય દોશી એ હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીજી મેડિકલ યોજનાના સંયોજક શ્રી નીલેશ શાહ એ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી મનોજભાઈ અને અમરીષભાઈ કચેરીઆ કન્સેશનલ રેટ નોટબુક યોજના અને શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટ બુક રાહત યોજનાના


એક શુભેચ્છકના સર્વ બાલાસિનોરવાસીઓને જે જે શ્રી ગોકુલેશ

સંયોજક શ્રી અજય દોશીએ એમનો અહેવાલ અને હિસાબ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મંજુલાબેન શાંતીલાલ મહેતા (ધરીવાલા) કોમ્પ્યુટર શિક્ષણ યોજનાના સંયોજક શ્રી અલ્પેશ ધારીઆ એ એમનો હિસાબ અને અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

કુલ ૬ સભ્યોની લીવ આવી હતી તેમના નામ નીચે મુજબ છે. શ્રી નીકેશ ગાંધી, શ્રી ભરત પરીખ, શ્રી યોગેશ ધારીઆ, શ્રી દક્ષેશ કડકીઆ, શ્રી જીગર કડકીઆ અને શ્રી હેમેન્દ્ર શાહ. તે પસાર કરવામાં આવી હતી.

કુલ ૪ નવી લાઈફ મેમ્બરશીપની અરજી આવી હતી.કડકીઆ કૃપા ચંદ્રેશ, મોદી દીપક મણીલાલ, દેસાઈ હિતેન બાબુલાલ અને શાહ પરાગ હરિવદન. તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

☆ ☆ ☆ ☆ ☆

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૮મી બેઠક તા. ૨૮-૪-૧૫ મંગળવારના રોજ સાંજે ૬.૪૫ કલાકે ગોલ્ડન વ્હીલ રેસ્ટોરન્ટ મુંબઈ - ૪ ખાતે પ્રમુખશ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)ના નેજા હેઠળ મળી હતી.

તેમા નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી નીલેશ શાહ એ ગત મિટીંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆ એ મહિલા વિભાગના નવા સંયોજક શ્રીમતી અમી હિતેશ ધારીઆનું સ્વાગત કર્યું હતું.

પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆએ અન્વેષિત આવક જાવકના હિસાબની રજુઆત કરી હતી તેને ચર્ચા વિચારણા બાદ પસાર કરવામાં આવ્યા હતા.

મંત્રીશ્રી ભાવેશ મોદીએ અંદાજીત બજેટ વર્ષ ૨૦૧૫-૧૬ની રજુઆત કરી હતી.

મંત્રીશ્રી ભાવેશ મોદીએ વર્ષ ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો તે પસાર કરવામાં આવ્યો હતો.

મંત્રીશ્રી ભાવેશ મોદીએ વન ડે મીટીંગ તા. ૩૧-૫-૧૫ અને વાર્ષિક સામાન્ય સભાની તારીખ ૨૮-૬-૧૫ની રજુઆત કરી હતી.

પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆએ આ વર્ષે ચલો બાલાસિનોર કરવાની રજુઆત કરી હતી. અને તેમને શ્રી જીગર કડકીઆના નામનું સુચન કર્યું હતું તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

કુલ ૩ લીવની અરજીઓ આવી હતી. શ્રી ગોપાલ કડકીઆ, શ્રી જીગર કડકીઆ અને શ્રી નીકેશ ગાંધી તે પસાર કરવામાં આવી હતી.

કુલ ૪ નવી લાઈફ મેમ્બરની અરજીઓ આવી હતી. શાહ જીજ્ઞા રાજીવ, ધારીઆ અચલ મનોજ અને મોદી સુધીર કીરીટકુમાર તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

## જ્યોતીપુંજ અંગે અગત્યની સુચના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ **જ્યોતિપુંજ**નું પોસ્ટીંગ દરેક મહિનાની તારીખ ૨૦ અથવા ૨૧ એ કરે છે. જે વ્યક્તિને સમયસર જ્યોતિપુંજ ન મળતુ હોય તે પોતાના સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરે. સંસ્થા દર મહિનાની ૨૧ મી તારીખે વેબસાઈટ **www.balasinor.org** પર જ્યોતિપુંજ અપલોડ કરે છે તેની નોંધ લેશો. **મંત્રી : ભાવેશ મોદી**

# શ્રી મદન મોહનજી મંદિર, બાલાસિનોર

## અધિકમાસ નિમિત્તે વિવિધ ઉત્સવોનું આયોજન

**અધિક અષાઢ સુર ૧ને તા. ૧૭-૬-૧૫ થી અધિક અષાઢ વદ અમાસને તા. ૧૬-૭-૧૫ સુધી ઉજવવામાં આવનાર તિથિઓની યાદી.**

| | | |
|---|---|---|
| તા. ૧૭-૬-૧૫ | અષાઢ સુદ ૧ | સંવત્સર |
| તા. ૧૮-૬-૧૫ | અષાઢ સુદ ૨ | દ્વિતીયા પાઠ |
| તા. ૧૯-૬-૧૫ | અષાઢ સુદ ૩ | ઠકરાણી ત્રીજ |
| તા. ૨૦-૬-૧૫ | અષાઢ સુદ ૪ | ફતેહ ચોથ |
| તા. ૨૧-૬-૧૫ | અષાઢ સુદ ૫ | વસંત પંચમી |
| તા. ૨૨-૬-૧૫ | અષાઢ સુદ ૬ | ધનધન છઠની રાત |
| તા. ૨૩-૬-૧૫ | અષાઢ સુદ ૭ | મહાઉત્સવ |
| તા. ૨૪-૬-૧૫ | અષાઢ સુદ ૮ | ગોપાષ્ટમી |
| તા. ૨૫-૬-૧૫ | અષાઢ સુદ ૯ | દાનઘાટી |
| તા. ૨૬-૬-૧૫ | અષાઢ સુદ ૯ | નંદમહોત્સવ |
| તા. ૨૭-૬-૧૫ | અષાઢ સુદ ૧૦ | દશેરા |
| તા. ૨૮-૬-૧૫ | અષાઢ સુદ ૧૧ | ફૂલબંગલો |
| તા. ૨૯-૬-૧૫ | અષાઢ સુદ ૧૨ | ચાંદી બંગલો |
| તા. ૩૦-૬-૧૫ | અષાઢ સુદ ૧૩ | મહારાસ |
| તા. ૦૧-૭-૧૫ | અષાઢ સુદ ૧૪ | ચીર હરણ |
| તા. ૦૨-૭-૧૫ | અષાઢ સુદ ૧૫ | વિવાહ ઓચ્છવ |
| તા. ૦૩-૭-૧૫ | અષાઢ વદ ૧/૨ | ગિરીરાજ કુનવારો |
| તા. ૦૪-૭-૧૫ | અષાઢ વદ ૩ | અષ્ટ સખા મનોરથ |
| તા. ૦૫-૭-૧૫ | અષાઢ વદ ૪ | ગિરીરાજનો દૂધ અભિષેક |
| તા. ૦૬-૭-૧૫ | અષાઢ વદ ૫ | ફૂલ મંડળી |
| તા. ૦૭-૭-૧૫ | અષાઢ વદ ૬ | ફૂલનો હિંડોળો/ કાચનો હિંડોળો/ ચાંદીનો હિંડોળો |
| તા. ૦૮-૭-૧૫ | અષાઢ વદ ૭ | જલ-વિહાર |
| તા. ૦૯-૭-૧૫ | અષાઢ વદ ૮ | ઝુપડી મનોરથ |
| તા. ૧૦-૭-૧૫ | અષાઢ વદ ૯ | કુંજ મનોરથ/ ગુંસાઈજીનો ઉત્સવ |
| તા. ૧૧-૭-૧૫ | અષાઢ વદ ૧૦ | સાવન ભાદો (પૂ.સુરેશબાવાનો જન્મ દિવસ) |
| તા. ૧૨-૭-૧૫ | અષાઢ વદ ૧૧ | મહાપ્રભુજીનો જન્મ દિવસ |
| તા. ૧૩-૭-૧૫ | અષાઢ વદ ૧૨ | વામન દ્વાદસી |
| તા. ૧૪-૭-૧૫ | અષાઢ વદ ૧૩ | ચુંદડી મનોરથ |
| તા. ૧૫-૭-૧૫ | અષાઢ વદ ૧૪ | નાવનો મનોરથ |
| તા. ૧૬-૭-૧૫ | અષાઢ વદ અમાસ | વૃજ કમલ |

**નોંધઃ સમય અને મનોરથમાં ફેરફાર કરવાનો હક્ક મંદિરને રહેશે.**

આમ વર્ષમાં આવતા ઉત્સવો અધિક માસ દરમ્યાન ઉજવવામાં આવશે. રૂા. ૨૦૦૧/- ન્યોછાવર આપીને વૈષ્ણવ પોતાની પસંદગીના ઉત્સવ લખાવી શકે છે. એક દિવસના એકથી વધુ વૈષ્ણવો ઉત્સવો લખાવી શકાશે. ઈચ્છુક વૈષ્ણવો ટ્રસ્ટીઓનો સંપર્ક સાધી નામ લખાવી શકે છે. ન્યોછાવરની પહોંચ આપવામાં આવશે. આ મનોરથનો પ્રસાદ તા. ૩૧-૩-૨૦૧૬ સુધી આપવામાં આવશે.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટીઓનો સંપર્ક સાધવા વિનંતી છે.

**ટ્રસ્ટીઓઃ મદન મોહનજી મંદિર, બાલાસિનોર**

# અશ્રુભીની નયને ભાવાંજલિ

## મરણ છે એક દિવસ પણ સ્મરણ રહેશે સદા

કપિલા તારી વસમી વિદાયને ૨૪ માસ આજે પૂર્ણ થયા વસંત અને પાનખરનો અહેસાસ કરાવી ગઈ અમને,
બસ એવું જ તારી સાથેની ગઈ કાલ અને, તારા વિનાની આજ પણ સાથે હોવાનો,
જીંદગી ભરનો અહેસાસ આપે છે આજે હજું અમને,

**અવનિમાં અવતરણ**
જન્મ : ૨૨-૧૦-૧૯૫૯,
મુંબઈ - ૦૦.૫૫ રાત્રે



**વૈકુંઠ ગમન અનંતની સફરે**
૨૧-૫-૨૦૧૩,
મુંબઈ૧૨.૫૫ સવારે

## સ્વ. કપિલા નયન કડકીઆ (ધનગેલા)

કપિલા આજે તારો દેહ નથી રહ્યો,
હવે રહું છું સદા તારા જ સ્નેહમાં,
શ્વાસ ખૂટી ગયો તો શું ?
જીવું છું હજું તારા જ વિશ્વાસમાં,
ખુલ્લી આંખે નહિ કદી દેખાઉ,
આંખો બંધ કરી જુઓ હવે આજે,
અહીં જ છું સદા તમારી આસપાસમાં

**- કડકીઆ નયન**

**કડકીઆ નયન શાંતિલાલ (ધનગેલા) પરિવાર**

## 'મા'

'મા'ની કિંમત સમજાય તો આલોક સુધરે
અને
પરમાત્માની કિંમત સમજાય તો પરલોક સુધરે
''શરીરમાંથી શરીર આપે
અને
આત્મામાંથી આત્મા આપે એટલે જ 'મા'''

**- કડકીઆ નયન**

## તેમનો આભાર...

**- નયન કડકીઆ (ધનગેલા)**

જેમણે મને દુ:ખ આપ્યું, તેમનો ખુબ આભાર.
તેમને લીધે હું આજે મજબૂત થયો.
જેમણે મને છેતર્યા, તેમનો ખુબ આભાર,
તેમણે મને જ્ઞાન આપ્યું,
જેમણે મારી નિંદા કરી, તેમનો આભાર
તેમને લીધે મારું વ્યક્તિત્વ ખીલ્યું.
જેમણે મને ઠોકર મારી, તેમનો આભાર,
તેમને લીધે મારામાં હિંમત આવી.
જેમણે મને તરછોડી દીધો, તેમનો આભાર,
તેમને લીધે હું આત્મ નિર્ભર થયો.
જેમણે મને દગો દીધો, તેમનો ખુબ આભાર,
તેમને લીધે હું ન્યાયનો આગ્રહી થયો.
જેમણે મને કચડવા માગ્યો, તેમનો આભાર.
તેમને લીધે મારા પગમાં તાકાત આવી.
જેમણે મને કડવાં શબ્દો કહયાં તેમનો આભાર.
તેમણે મને મારી નબળાઈઓ વિશે જાગૃત કર્યા.

## તે હે બા, મારી સાથે જ આવું કેમ ?

**- રૂપેશ વંસતભાઈ પરિખ**

તું તો કહેતી ‘બાપુ મારી ખોટ સાલવા નહીં દે’
તો હે બા, હવે એ ઓછાયો જોઈ ડર શીદને લાગે છે ?
બાજુવાળી મીના તો કહેતી
‘બાપુ તો બહુ વહાલ કરે, રમકડા આપે’.
તો હે બા, આ વહાલ આટલું કુચે કેમ છે ?
યાદ છે તું ગાતી ‘ચકી લાવી ચોખાનો દાણો,
ચકો લાવ્યો મગનો દાણો ...’
તે હે બા, આ ચકો જ જો માળો પીંખે તો ?
યાદ છે તું કાજળનું ટીપું લગાવી કહેતી
“કોઈની નજર ના લાગે’
તો હે બા, આ કોઈ’ માં શું બાપુ ના આવે ?

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

## અનુકરણીય દાન

**ચાલુ માસ દરમ્યાન મંડળને નીચે મુજબ દાન મળેલ છે.**

૧. મંડળ દ્વારા પ્રાયોજીત -પેરા મેડિકલ શિક્ષણ યોજના All Para Medical Education Scheme માટે રૂા. ૧૧,૦૦,૦૦૦ (રૂ. અગિયાર લાખ) શ્રીમતી પ્રવિણા અને શ્રી અવિનાશ રમણલાલ કડકીઆ (લટકારી) તરફથી દાન પ્રાપ્ત થયેલ છે.

૨. શ્રીમતી શંકુતલા શશીકાંત ધારીઆ (લાલખાં) તરફથી રૂા. ૧,૨૫,૦૦૦/- (રૂ. એક લાખ પચીસ હજાર) દાન પ્રાપ્ત થયેલ છે, સદર રકમ મંડળની યોજનાઓ પૈકીની, ગિરિપુજા કોકિલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) પુરસ્કૃત "Overseas Education Scheme" અંતર્ગત ઉપયોગમાં લેવાશે.

૩. શ્રીમતી રક્ષાબહેન સતિષચંદ્ર મોદી તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- (રૂા. એક લાખ) દાન મળેલ છે.

૪. એક અનામી દાતા તરફથી રૂા. ૨૫,૦૦૦/- દાન મળેલ છે.

આજથી પાંચ વર્ષ પહેલાં મંડળની શૈક્ષણિક સહાયની પ્રતિવર્ષ વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં લઈ, પ્રત્યેક દાતા તરફથી પાંચ વર્ષ માટે દર વર્ષે રૂા. ૧૦,૦૦૦/- ના વાર્ષિક દાન - યુનિટ આવકારતી યોજના જાહેર કરવામાં આવી હતી. જેનાં ઉપક્રમે દાતા તરફથી મેળવેલ રૂા. ૧૦,૦૦૦/- ની રકમ ડોનેશન રૂપે જમા કરી તે જ વર્ષમાં વિદ્યાર્થી મિત્રોને શૈક્ષણિક સહાય રૂપે આપી ઉપયોગમાં લેવામાં આવતી.

આ દાન-યુનીટ યોજનાને દાતાઓ તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો હતો અને તેને અનુલક્ષી આ યોજના આવતા પાંચ વર્ષનાં સમયગાળા માટે પણ ચાલુ રાખવામાં આવી છે.

આ દાન-યુનીટ યોજનાનાં રૂા. ૧૦,૦૦૦/- ના વાર્ષિક યુનીટની યોજનામાં સહભાગી થવા ઈચ્છુક દાતાઓને આ સાથે નવેસરથી અપીલ કરીએ છીએ. આશા છે જ્ઞાતિના સખાવતી દાતાઓ તરફથી વધુમાં વધુ યુનીટ અમારી વાર્ષિક જરૂરિયાત મુજબ પ્રાપ્ત કરી શકીશું.

આ અંગે મંડળની કાર્યવાહક સમિતના સભ્યોનો આપ સંપર્ક સાધી શકો છો.

**માનદ્ મંત્રીઓ - મંજુલ શૈલેષ ધારીઆ - જસ્મીન શેઠ**

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે **સમીર જયેન્દ્ર ગાંધી** - નિકોશી ટ્રેડીંગ કું. ૧૨/૫, કારમેલોસ બિલ્ડીંગ, પહેલે માળે, ૬૩/૬૭ પાઠક વાડી, લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦૦૦૨, ફોનઃ ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭, Email: samir@nikoshi.co.in ને મોકલવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહીં. **મંત્રી - ભાવેશ મોદી સંયોજક - સમીર ગાંધી**

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ
# બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટ
## શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન

ઉપર્યુક્ત મંડળ/ટ્રસ્ટ સંચાલિત પ્રવૃત્તિના અનુસંધાનમાં ચાલુ વર્ષે (૨૦૧૫-૧૬) શૈક્ષણિક સહાય લેવા ઈચ્છુક વિદ્યાર્થીમિત્રોએ તા. ૧-૬-૨૦૧૫ બાદ નીચે જણાવેલ સ્થળેથી અરજીપત્રક મેળવી લેવા અને તા. ૧૫-૮-૨૦૧૫ સુધી સંપુર્ણ વિગત સાથે ભરીને તે જ સ્થળે પાછા આપી જવા.

અરજીપત્રક સાથે ચાલુ વર્ષ (૨૦૧૫-૧૬)ની ફી ભર્યાની Original રસીદ (Xerox સાથે) તેમજ ગત વર્ષની પરીક્ષા પાસ કર્યાના પરિણામની Xerox આપવી જરૂરી છે. અધુરી વિગત સાથેના ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં.

**અરજી પત્રક સંપુર્ણ વિગત ભરીને પાછા આપવાનું સ્થળ :**

૧. **શ્રી જગદીશ શાંતિલાલ પરીખ (જુનાગઢવાળા)**
બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળી લી., ગણેશ કૃપા, સિક્કા નગર, વી.પી.રોડ, મુંબઈ - ૪૦૦૦૦૪
સમય : સોમ થી શનિ : બપોરે ૩ થી ૫.૩૦ કલાક

૨. **શ્રી કીર્તિભાઈ કડકીઆ (લટકારી)**
શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫/૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨,
સમય : સોમવાર થી શનિવાર બપોરના ૪.૦૦ કલાકથી સાંજે ૬.૦૦ કલાક સુધી.

**વિદેશ જઈ અભ્યાસ કરનાર માટે ફોર્મ ભરવાનું સ્થળ :**

૧. **શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ**
શ્રીપતી આર્કેડ, ૨૩ મા માળે, એ.કે. માર્ગ, નાના ચોક, મુંબઈ - ૪૦૦૦૩૬. સમય સાંજે ૩ થી ૫

સંપુર્ણ વિગત ભરેલા અરજીપત્રક મળ્યા બાદ દરેક અરજીપત્રકની યોગ્ય ચકાસણી કરવામાં આવશે અને શૈક્ષણિક સહાય સમિતિની મંજુરીને આધીન રહેશે.

**મંજુર થયેલ શૈક્ષણિક સહાયના ચેક મેળવવાનું સ્થળ :**

શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, ૪૫/૪૭, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨
સમય : સોમવાર થી શનિવાર સાંજે ૪ થી ૬ કલાક સુધી.

## પારિતોષિક યોજના

શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫નાં અભ્યાસક્રમ દરમ્યાન માર્ચ/એપ્રિલ/મે ૨૦૧૫અથવા અન્ય સમયે લેવાયેલ પરીક્ષામાં ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીમિત્રોને વિવિધ શૈક્ષણિક વિભાગમાં સખાવતી દાતાઓ તરફથી પ્રાપ્ત થયેલ ન્યાસફંડની રકમનાં વ્યાજમાંથી મંડળ/ ટ્રસ્ટ દ્વારા પ્રતિ વર્ષ પારિતોષિક આપવામાં આવે છે.

**નોંધ :** આ યોજના S.S.C. (ધોરણ ૧૦) તેમજ ત્યારબાદ કોલેજના ઉચ્ચતર અભ્યાસક્રમ માટે જ છે. સફળ વિદ્યાર્થીમિત્રોએ પરિણામ (માર્કશીટ)ની ઝેરોક્ષ કોપી મંડળની કારોબારી સમિતિના સભ્યોને તા. ૩૧-૮-૨૦૧૫ પહેલાં મોકલાવી આપવા વિનંતી.

ઉપયુક્ત બન્ને પ્રવૃત્તિ અંગેની વધુ માહિતી માટે મંડળના માનદ્ મંત્રીઓનો સંપર્ક સાધવો.

**માનદ્ મંત્રીઓ**

**શ્રી મંજુલ શૈલેશ ધારીઆ – ૯૮૨૦૧૩૫૦૧૪**　　**શ્રી જસ્મીન બિપીન શેઠ – ૯૮૨૦૮૩૦૦૬૦**

# વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ

**શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકિયા તથા શ્રીમતી રૂપલ પ્રદીપ કડકિયા (ખીસાદાર) પુરસ્કૃત**

## TALENT APPRECIATION SCHEME

**અમિતાભ બચ્ચન, શાહરૂખ ખાન, સચીન તેંડુલકર, એમ..એસ.ધોની, કેટરીના કૈફ, અનુષ્કા શર્મા, પ્રિયંકા ચોપરા, દિપીકા પદુકોણ, સંજય કપૂર, રણવીર સીંહ, રણબીર કપૂર, મેરી કોમ .... જેવા અનેક**

ગુણિયલ અને નામી કલાકારો અને રમતવીરો પાસેથી પ્રેરણા લઈ જેમણે વિવિધ કળા, રમત-ગમત, સાહિત્ય ક્ષેત્રે પોતાનું સ્થાન મેળવવાની કોશિષ આદરી છે, તેવાં વાડસોલ સમાજનાં ભાવિ મહાનુભાવોને નિમંત્રણ

ઉપયુક્ત યોજના અન્વયે વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના બાળકો, યુવાન, યુવતીઓ તેમજ કોઈપણ ઉંમરની વ્યક્તિઓ, જેમણે શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં (Achievements in the fields of Fine Arts, Music, Dance, Singing, Acting, Sports, Literature etc.) પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું ચાલુ વર્ષે મંડળની વાર્ષિક સામાન્ય સભામાં (સપ્ટેમ્બર ૨૦૧૫) સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે. નજીકનાં ભુતકાળ તેમજ ચાલુ વર્ષ દરમિયાન પ્રાપ્ત થયેલ યોગદાનની રજુઆત ગણતરીમાં લેવામાં આવશે. જેમાં યોગ્યતા દર્શાવતું પ્રમાણપત્ર, સર્ટિફિકેટ અથવા અન્ય જરૂરી માહિતી (Proof/ Supporting Information & Documents) તા. ૩૧-૮-૨૦૧૫ સુધીમાં આપવાની રહેશે. આ સિવાય વાડિસિનોર વણિક જ્ઞાતિની કોઈપણ વ્યક્તિએ જાહેર ક્ષેત્રમાં પ્રસંશનીય યોગદાન આપ્યુ હોય તે આપની જાણમાં હોય તો તેઓની માહિતી આપ અમને આપી શકો છો. આ યોજનામાં દશાનીમા વણિક જ્ઞાતિની બહેનો કે જેમણે પર જ્ઞાતિમાં લગ્ન કર્યા હોય તે તથા તેમના બાળકોનો પણ સમાવેશ કરવામાં આવશે.

આ યોજના અંગની વધુ માહિતી જાણકારી અંગે આપ **શ્રી અસીત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરવાળા)** - ૯૮૨૦૧૫૭૩૩૫, **શ્રી કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)** - ૯૮૨૧૦૩૭૬૪૭, **શ્રી મંજુલ શૈલેષ ધારીઆ** ૯૮૨૦૧૩૫૦૧૪, **શ્રી જસ્મીન શેઠ** - ૯૮૨૦૮૩૦૦૬૦, **શ્રી ચેતન મોદી (બંગડી)** - ૯૯૨૦૫૪૦૮૫૮ તેમજ મંડળની કારોબારી સમિતિના અન્ય સભ્યોનો સંપર્ક સાધી શકો છો.

**- માનદ્ મંત્રીઓ - મંજુલ શૈલેષ ધારીઆ - જસ્મીન બીપીન શેઠ**

## સુધારો

**એપ્રીલ માસના જ્યોતીપુંજમાં છપાયેલ, દાનની રકમ-**

સ્વ. પુષ્પાબેન નટવરલાલ મોદી (M.C.Mody) ની સ્મૃતીમાં રૂા.૧,૦૦,૦૦૦/- હસ્તે શ્રી કમલેશભાઈ નટવરલાલ મોદી, કુશલના લગ્ન પ્રસંગે. રૂા. ૧,૦૦,૦૦૦/- ને બદલે રૂા. ૧૦,૦૦૦/- છપાઈ ગયું છે જે સુધારીને વાંચવું.

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ, બાલાસિનોર

બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલમાં નવનિર્મિત થનાર 'સુપર સ્પેશીયાલીટી સેન્ટર'માં નામકરણ માટે નીચે મુજબની સ્કીમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે. દાતાશ્રીઓને આ માનવ સેવાના યજ્ઞમાં સહભાગી થવા વિનંતી.

| | | |
|---|---|---|
| ૧) | **૨ વીંગઃ** બીજે માળે એક વીંગ અને ત્રીજે માળે એક વીંગના નામકરણ માટે રૂા. ૨૫ લાખ પ્રમાણે | ૫૦,૦૦,૦૦૦/- |
| ૨) | નવા મકાનના મેડીકલ સ્ટોર ના નામકરણ માટે | ૨૫,૦૦,૦૦૦/- |
| ૩) | ૨ લીફટ માટે એક લીફટના નામકરણ માટે રૂા. ૨૦ લાખ લેખે | ૪૦,૦૦,૦૦૦/- |
| ૪) | સુપર ડીલક્ષ રૂમના નામકરણ માટે ૬ રૂમ (રૂા. ૧૦ લાખ એક રૂમના) | ૬૦,૦૦,૦૦૦/- |
| ૫) | સેમી ડીલક્ષ રૂમના નામકરણ માટે ૬ રૂમ (રૂા. ૫ લાખ એક રૂમના) | ૩૦,૦૦,૦૦૦/- |

દાતાશ્રીઓનું ઈચ્છા મુજબનું દાન સ્વીકારવામાં આવશે. આશા છે કે દરેક બાલાસિનોર વાસીઓ જ્યાં પણ રહેતા હોય તે સુંદર પ્રતિસાગ આપી આ સેવાયજ્ઞને સફળ બનાવવા ખુલ્લાદિલે ફાળા આપવા વિનંતી.

બાલાસિનોરની કે.એમ.જી.જનરલ હોસ્પિટલમાં નીચે મુજબના વિવિધ વિભાગોમાં ૨૦૧૪-૧૫ના વર્ષ દરમ્યાન થયેલ કામગીરીનો અહેવાલ.

| | | |
|---|---|---|
| ૧. | શાંતિલાલ રવચંદદાસ શાહ (ચોકસી) સર્જીકલ વિભાગ : | ૭૬૧૫ |
| ૨. | શ્રીમતી શર્મિષ્ઠાબેન અને રજનીકાંત નટવરલાલ કડકીઆ (ચોક્સી) ગાયનેક વિભાગ : | ૧૫૬૫૫ |
| ૩. | મણીલાલ ચંદુલાલ પરીખ એક્સ-રે વિભાગઃ | ૭૮૭૫ |
| ૪. | લીલાબેન કીર્તનલાલ દોશી નેત્ર વિભાગઃ | ૧૪૯૭૮ |
| ૫. | લીલાબેન અને ડૉ. બાબુભાઈ સાંકરલાલ દેસાઈ ફીજીશીયન વિભાગ : | ૩૧૩૭૪ |
| ૬. | બાલાસિનોર નાગરિક સહકારી બેંક ઓર્થોપેડીક વિભાગઃ | ૭૩૫૩ |
| ૭. | શ્રીમતી ઈન્દુબેન રસિકલાલ ધારીઆ (દલાલ) મનોચિકિત્સા વિભાગ (સાઈક્રીઆટીક વિભાગ): | ૨૩૫૨ |

**માનદ મંત્રીશ્રીઓ - શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી નીતીન પરીખ**

## બાલાસિનોર વિદ્યામંડળ

### પ્રશંસનીય ગુપ્તદાન

આપણી સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂા. એક લાખ)નું માતબર ગુપ્તદાન એક અતિ સુસંસ્કૃત અને અતિ ઉમદા ભાવનાશીલ પરિવાર તરફથી મળ્યું છે. નામ અને જાહેરાત ન આપવાની આકરી શરતે કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓના કોમ્પ્યુટર ટ્રેનીંગ માટે ફી પેટે દાન મળ્યું છે.

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

શ્રીમતી રમતીબેન ઓચ્છવલાલ ચંદુલાલ ધારીઆ (લાલખાં) તરફથી ડોનેશન રૂા. ૩,૫૧,૦૦૦/-નું વચન મળેલ છે. જે મંડળમાં ગિરીપૂજા કોકીલાબેન પ્રવિણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) આર્થિક રાહત જે ૧૨,૫૦,૦૦૧/-માં ઉમેરાશે અને ટોટલ રૂા. ૧૬,૦૧,૦૦૧/- થયા છે. - શ્રી નીતીન પ્રવિણચંદ્ર ગાંધી B.G.Enterprise તરફથી ડોનેશન રૂા. ૫૧,૦૦૦/- પ્રાપ્ત થયેલ છે. સંસ્થા વતી દાતાઓનો આભાર

**પ્રમુખ : શ્રી દક્ષેશ બાબુલાલ કડકીઆ (લટકારી)**

# માઁ

- ગોપાલ શાહ

માઁ અને ક્ષમા બંને એક છે. કેમકે માફી આપવામાં બંને નેક છે.
સંસારની બે કરુણતા... માઁ વિનાનું ઘર... અને ઘર વિનાની માઁ ...!

નાનો હતો ત્યારે માઁની પથારી ભીની રાખતો, મોટો થયો
ને... માઁની આંખડી ભીની રાખે છે રે ... પુત્ર!
તને માઁ ને ભીનાશમાં રાખવાની ટેવ પડી છે ..!!

૪ વર્ષનો તારો બાબલો જો તારા પ્રેમને ઈચ્છે છે
તો ૮૦ વર્ષના તારા માઁ - બાપ તારો પ્રેમ કેમ ન ઈચ્છે ?
બચપણમાં જે દીકરાને માઁ - બાપે, બોલતા શીખવાયું હતું.
એ દીકરા, ઘડપણમાં માઁ-બાપને ચૂપ રહેતા શીખવાડે છે....

બચપણનાં આઠ વર્ષ આંગળી પકડીને જે માઁ-બાપ
તને સ્કૂલે લઈ ગયા હતાં એ
માઁ -બાપને ઘડપણના આઠ વર્ષ આંગળી ઝાલીને મંદિર લઈ જજે.

માઁ- બાપને સોને ન મઢાય તો ચાલે, હીરે ન જડાય તોય ચાલે,
પણ માઁ -બાપની આંતરડી તો ન જ કકળાવાય...



માઁ-બાપની આંખમાં બે વખત આંસુ આવે છે,
દીકરી ઘરછોડે ત્યારે ... દીકરો તરછોડે ત્યારે...

તે જ્યારે ધરતી પર પહેલો શ્વાસ લીધો ત્યારે
તારા માતા-પિતા તારી પાસે હતા,
માતા-પિતા છેલ્લો શ્વાસ લે ત્યારે
તું એમની પાસે રહેજે...

બા! પહેલાં આંસુ આવતા અને તું યાદ આવતી,
આજે તું યાદ આવે અને આસું આવે છે...

સંસારની બે કરૂણતા... માઁ વિનાનું ઘર અને ઘર વિનાની માઁ.

વાવડ એટલે સમાચાર, સુવાવડ એટલે સારા સામાચાર,
તારા આગમનને કુવાવડ કહેવડાવે એવું તો ન જ કરતો..
તુ જન્મયો ત્યારે તું રડતો હતો, માઁ હસતી હતી..
હવે એટલું ધ્યાન રાખજે, તું હસતો હોય ત્યારે માઁ રડતી ન હોય ...

તું લાચાર હતો ત્યારે તને જેણે સાચવ્યો,
એ માઁ-બાપ લાચાર બને ત્યારે સાચવી લેજે..

તેં જ્યારે ધરતી પર પહેલો શ્વાસ લીધો ત્યારે,
તારા માતા-પિતા તારી પાસે હતા,
માઁ-બાપ છેલ્લો શ્વાસ લે ત્યારે તું એમની પાસે રહેજે...

બચપણમાં જેણે તમને પાળ્યા, ઘડપણમાં એના હૈયા બાળ્યા,
તો યાદ રાખજો... તમારા ભાગ્ય પરવાર્યા.

બચપણમાં જે દિકરાને માઁ-બાપે બોલતા શીખવાડયું હતું.
એજ દિકરા ઘડપણમાં માઁ-બાપને ચૂપ રહેતા શીખવાડે છે..!!

રડવું હોય તો... ખભો તો કોઈનો'ય મળે, પણ... ખોળો તો,
મલકમાં માત્ર માઁ નો જ મળે ...

પીઠ પર હાથ ફેરવી ફેરવી તને જેણે સુવાડયો, તને જેણે જગાડયો,
એ હાથ ફેરવનારીથી પીઠ ફેરવી લેવાનું પાપ ક્યારે'ય ન કરતો...

પુત્ર માટે રાતા લોહીને દુધ બનાવે તેનું નામ માઁ...
અને દુધ દેનારી ને રાતા પાણીએ રોવડાવે એનું નામકપુત...

પત્ની પસંદગીથી મળતી ચીજ છે. માઁ-બાપ પુણ્યથી મળતી ચીજ છે,
પસંદગીથી મળતી ચીજ માટે, પુણ્યથી મળતી ચીજને ઠુકરાવશો નહીં.

ઘરના નામ 'માતૃછાયા' ને 'પિતૃછાયા' પણ એમાં માઁ-બાપ ના,
પડછાયા'ય ના પડવા દે...
તો એ મકાનનું નામ 'પત્નીછાયા' રાખવું ઠીક થઈ પડે!

જે દિવસે માઁ-બાપ તમારા કારણે રડે છે,
ત્યારે તમારો કરેલો ધર્મ એ આંસુમાં વહી જાય છે.

માઁને બન્ને ટાઈમ રડવાનું હોય છે, દીકરો નાનો હોય ત્યારે, જમે
નહી માટે,
ને... દીકરો મોટો થાય ત્યારે માં ને જમાડે નહી માટે

૪ વર્ષનો તારો બાબલો જો તારા પ્રેમને ઈચ્છે છે,
તો ૮૦ વર્ષના તારા માઁ-બાપ તારો પ્રેમ કેમ ન ઈચ્છે ?

## ચોકલેટ્સ

### ‘‘મ’’ થી શરૂ થતી વિગત ઉકેલો :-




(૧) ગામ - બાલાસિનોર, જિલ્લો _________
(૨) શ્રીકૃષ્ણના મુગટમાં શોભતું
(૩) (મારી તો અરજી) બાકી તમારી મરજી
(૪) સ્ટેશન
(૫) વિચારોનું ઘમસાણ
(૬) પિક્ચર
(૭) રાજકોટના પ્રખ્યાત
(૮) મનની અદમ્ય ઈચ્છા

જવાબ : (૧) મહિસાગર (૨) મયુરપિચ્છ (૩) મરજીયાત (૪) મણિનગર (૫) મનોમંથન (૬) મનપસંદ (૭) મલાઈગોલા (૮) મનોકામના

## હીંડોળા ખાટ

(1) 

(2) 4, 9, ____ 25, _____

(3) AB, GH, K____, ____R, WX

(4) 81, 72, _____, 54, 45

(5) 1, 3, 6, 10, ____

જવાબ :

(1) 

(2) 16, 36 (3) L, Q

(4) 63 (5) 15

## મોહે રંગ દે



## શણગાર

દસે આંગળીના વેઢ જ જુદા.
કંકણના રણકાર જુદા,
પાયલના ઝણકાર જુદા,
બીન્દુના આકાર જુદા,
સેંથીના સિંદુર જુદા,
નથણીના આકાર જુદા,
હૈયાના તો હાર જ જુદા,
સાડીના તો રંગ જ જુદા,
નવલી નારીના તો લટકા જુદા.
ગુજરાતણની તો વાત જ જુદી.

## સમય

સમય સમયનું કામ કરે,
પણ હું સમયને ઓળખીના શકી,
સમયના સથવારે બેઠી,
આશાના કિનારે બેઠી,
સમયની લાકડી તો વાગી,
હસતા મુખે ઝીલી લીધી.
ચાલ ચાલ આ સમય સથવારે,
નીચા નમીને પાપણ દ્વારે
તુ અલબેલો કામણ ગારો
ધીમી ગતીએ આવનારો,
કડવી મીઠી લાકડી તારી,
શક્તી દેજે હે અવીનાશી ..

**- સરલાબેન દેસાઈ (દેડકી).**



**ઈલાબેન ચંન્દ્રકાંત દોશી**
**ઉંમર – ૭૨**
**ચક્ષુદાન** કરેલ છે.

# પ્રકીર્ણ વિભાગ

## તેજસ્વી તારલા

- **ચિ. દીપ નિમેશ શાહ** November 2014 માં લેવાયેલ Inter C.A. Exam માં પાસ થયેલ છે.

- **કુમારી પરિતા પરેશ પંચમીયા** તે રીમા શિરીષભાઈ રમણલાલ કડકિયા (મલમ)ની પુત્રી એ London Oxford થી MSC in Clicinical Embryology Sept - 2014 માં 1st Class પાસ કરેલ છે.

- **ચિ. યશની સંજય પરીખ** સી.એ.ની ફાઈનલ પરિક્ષામાં ઉત્તીર્ણ થયા છે.

- **કુમારી ઉપાસના કૌશીક દેસાઈ** May 2014 માં લેવાયેલ MPT (Part-II) Exam માં પાસ થયેલ છે.

- **કુમારી રૂચીતા કૌશીક દેસાઈ** May 2014 માં લેવાયેલ M.Com (Sem-IV - CBSGS) Exam માં પાસ થયેલ છે.

- **શ્રી સુરેન્દ્રકુમાર જયંતીલાલ ભટ્ટ (ગોપાલ ભટ્ટ - ગોર)** એ શ્રી બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ અમદાવાદમાંથી જ્યોતિષ વિશારદ તથા કર્મકાંડ વિશારદમાં પ્રથમ શ્રેણીમાં ૨૦૧૫માં ઉત્તીર્ણ થયા છે.

સંસ્થાવતી સૌને અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| ઈન્દુમતી મોહનલાલ કડકીઆ (ટોકરશી) | ૯૫ |
| ઈલાબેન ચંન્દ્રકાંત દોશી | ૭૨ |
| રમણીકલાલ લલ્લુભાઈ ધારીઆ | ૯૭ |
| સુશીલાબેન ગોપાલદાસ પરીખ | ૭૭ |
| મંજુલાબેન બાબુલાલ કડકીઆ (બેરા) | ૮૬ |
| શાંતાબેન રમણલાલ કડકીઆ (ઈટાડીવાળા) (USA) | ૯૨ |
| ઉર્મીલાબેન કિરીટકુમાર શાહ | ૭૦ |
| નવનીતલાલ ભીખાલાલ મહેતા (પટપટી) | ૯૦ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**

legrand

MCBs, RCDs, MCCBs, DBs, PLUG & SOCKETS

Mylinc, Arteor, Myrius Switches

POP UP, PLEXO, FLOOR BOX

DLP TRUNKING, CAPACITORS

JUNCTION BOX, RACEWAYS

VIDEO DOOR PHONE

BCH

Bhartia Cutler Hammer

INDOASIAN

HPL

QL PREMIUM LED LIGHTS (3/5 YRS. WARRANTY)

KAYCEE

HOUSE OF SELF ADHESIVE TAPES

WONDER steelgrip MAGIX

PVC INSULATION • BOPP PACKING • SPECIALITY TAPES

Monsoon • Aluminium Foil • Teflon • Floor Marking

Matchwell Electric Co. (Everything in Electricals)

Hindustan Tapex Co. (House of Tapes)

Gr. Flr., C/ Bhangwadi, Kalbadevi Road, Mumbai - 400 002.

Tel.: 66336768 / 22080067 / 39587272 / 39587573 • Telefax : 22083315

Email : matchwellelectric@gmail.com / hindmarch@hotmail.com

tapesindustrials@yahoo.co.in / URL : www.tapesindustrial.com

Mr. Sanjiv Dharia 9833221888 9820151333

matchwell

Mr. Kiral Dharia 9820056060

ANUKOOL selections

A UNIQUE

Children Department Stores

*Hosiery, Stationery, Water Bottles, Lunch Boxes, Shoes*

SCHOOL UNIFORM A SPECIALITY

Also Scout Guide & R.S.P. Dresses & Kits

542, Sandhurst Bridge, Chowpatty, Mumbai - 400 007.

**Off. : 2361 2848 - 2369 4166**

**Email : anukoolselections@gmail.com**

**Resi. : Navin Parekh - Rasesh Parekh**
**2362 0780 - 2362 2497**

Printed, Published & Edited by Nikhil Babulal Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh &
Printed at Lohana Hitechhu Pvt. 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli
Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.